सा विद्या या विमुक्तये

# શારદ

**એપ્રિલ-૨૦૨૩ - વર્ષ ૪૨, અંક-૩**

## શાળાના તેજસ્વી તારલાઓનું અભિવાદન અને ઈનામ વિતરણ સમારોહ



**મુખ્ય મહેમાનશ્રી ડૉ. નીરવભાઈ બેલાણી**



**મુખ્ય મહેમાનશ્રી ડૉ. નીરવભાઈ બેલાણી**



**મહેમાનશ્રી સપ્તકભાઈ પટેલ**



**મહેમાનશ્રી જીતેશભાઈ ધૂળધોયા**



**મહેમાનશ્રી જીતેશભાઈ ધૂળધોયા**


પ્રકાશક

**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

Phone : +91-79-26600242, E-mail : shardamandir1924@gmail.com, Web : www.sharadamandir.com

**Celebrating World Sparrow Day at Shardamandir Balmandir**
**20-3-2023**












---

**G20 Relley from Shardamandir Students on 01-04-2023**












## Sports Day at Shardamandir Vinaymandir - 03-03-2023






## Waste Management Programm on 11-03-2023







# શારદામંદિર બાલમંદિર વિજ્ઞાનમેળો - ૨૪-૦૨-૨૦૨૩



દિપ પ્રાગટ્ય શ્રી ડૉ.અંજલલિબેન કોઠારી











# શારદ

सा विद्या या विमुक्तये

શારદામંદિર, અમદાવાદ.

એપ્રિલ-૨૦૨૩
વર્ષ ૪૩, અંક-૨


વાલીગણ

વિદ્યાર્થીમિત્રો

કુશળ હશો

વર્ષ ૨૦૨૨-૨૩માં ફરીથી શાળા ધમધમતી થઈ અને શાળાકીય અભ્યાસ પૂર્ણ થયો. હજુ ક્યાંક વાલી અને વિદ્યાર્થીમાંથી કોરોના વખતનો સમય મગજમાંથી જતો નથી, જેણે બાળકોમાં ખૂબ મોટું નુકશાન કર્યું છે. બાળકોના વાણી, વર્તન અને વ્યવહાર બદલાયા છે. જે સમય જતા શાળા અને વાલીના પ્રયત્નોથી ફરક આવશે.

નવી શિક્ષણનીતી દાખલ થઈ રહી છે. આ નવી નીતી મુજબ ધો.૧માં પ્રવેશ તારીખમાં ફેરફાર થયેલ છે. નવા એકેડેમીક વર્ષથી ફેરફાર જોવા મળશે.

શાળાનો ૧૦૦માં વર્ષમાં પ્રવેશ થવા જઈ રહ્યો છે. બહુ ઓછી શૈક્ષણિક સંસ્થાઓ છે કે જે આટલી લાંબી મજલ પાર કરી હોય. સામાજીક અને શૈક્ષણિક વ્યવસ્થામાં સંસ્કારનું સિંચન કરતી એક માત્ર શાળા એટલે શારદામંદિર, જેના પાયામાં લોહી અને પરસેવાથી સંસ્કારોનું સિંચન થયેલ છે. માટે આટલું મોટુ વટવૃક્ષ અડીખમ ઉભું છે જેમાં એ સમયના શાળા સંચાલકોથી માંડી વર્તમાન સંચાલકો એકમાત્ર ધ્યેય ફક્ત બાળકોની પ્રગતિ, ઉન્નતિ અને સંસ્કારોનું સિંચન કરવાનું રહેલ છે. માટે એક અલગ આયામથી સંસ્થા અડીખમ છે. અમોને ગૌરવ છે કે અમે આવી સંસ્થાનો એક ભાગ છીએ. સો વર્ષની ઉજવણી કરવાની તડામાર તૈયારી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સંલાલક મંડળના સભ્યો દ્વારા કરવામાં આવી રહી છે.

બોર્ડની પરીક્ષાઓ હમણાં પૂરી થઈ અને શાળાકીય પરીક્ષા ચાલુ છે. વિદ્યાર્થીઓ સારી સફળતા મેળવે તેવી આશા રાખીએ છીએ. નવા વર્ષથી શાળામાં આ વર્ષની પધ્ધતિ પ્રમાણે ફીની બાબતમાં એડવાન્સ ચેક લેવામાં આવશે. બીજા સત્રનો ચેક એડવાન્સમાં જમા કરાવવાનો રહેશે. કોઈ કેશ ફી લેવામાં આવશે નહીં.

શાળા સંચાલક મંડળે શાળામા ડૉ. વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર સાથે વાર્તાલાપ કરી શાળામાં એકસાથે ત્રણેક સાયન્ટીફીક પ્રોગ્રામ કર્યા જેવાકે સ્ટીમ ટિકરીંગ, રોકેટરી અને ગણિત-વિજ્ઞાન ક્વીઝડ. જેમાં બાળકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લઈ આનંદ સાથે અઘરો વિષય સરળ બનાવ્યો. આવનાર દિવસોમાં આવા અનેકવિધ કાર્યક્રમો શાળામાં ચાલશે.આભાર.

- આચાર્ય
( વિજય રાવલ)

**શાળામાં ઉનાળુ વેકેશન તા. ૧-૫-૨૩ સોમવાર થી તા. ૪-૬-૨૩, રવિવાર સુધી રહેશે**
**તા.૫-૬-૨૩, સોમવારથી શાળા રાબેતા મુજબ ચાલુ થશે.**

# અભિનંદન



સ્વામી વિવેકાનંદ સ્પર્ધા યોજાયેલ જેમાં આપણી ધો.૧૦ ગુજરાતી માધ્યમવિનયમંદિર વિભાગની વિદ્યાર્થીની ચિ. યોગિની વિરલકુમાર જાની એ ભાગ લીધેલ અને તેમાં શાળા કક્ષાએ પ્રથમઆવેલ. જિલ્લા કક્ષાની પરીક્ષા તા.૧૭-૧-૨૩ના રોજ આપી જેમાં પણ તે ઉત્તિર્ણ થયેલ છે અને તેણીએ ઈનામમાં મળેલ સ્વામી વિવેકાનંદના લખેલા ઘણા પુસ્તકો શાળાની લાઈબ્રેરીને ભેટ આપેલ, તે બદલ ચિ.યોગિનીને ખૂબ ખૂબ અભિનંદન.

---

આપણી શાળાના કમ્પ્યુટર શિક્ષક **શ્રી સાકેતભાઈ દવેને** ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકના નિર્માણમાં કન્વિનરની પદવી મેળવવા બદલ હાર્દિક અભિનંદન.

---

કમિશ્નર ઓફ યુથ સર્વિસીસ અને કલ્ચરલ એક્ટીવીટીઝ, સ્પોર્ટસ, યુથ અને કલ્ચર એક્ટિવિટીઝ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર દ્વારા અને તાલય ટ્રસ્ટનાં નેજા હેઠળ આવેલ 'તબલાં તાલીમ સંસ્થા' દ્વારા આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે 'આઝાદી કા અમૃત મહોત્સવ' મંત્રમુગ્ધ કાર્યક્રમ યોજાયેલ.

જેમાં શ્રી હસિતભાઈ વોરા, ભૂતપૂર્વ મેયર, અમદાવાદ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમ ઉપાસના સ્કુલ ઓફ પરફોર્મિંગ આર્ટસ, ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે તા. ૧૬ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ બપોરે ૧૨-૪૫ કલાકથી શરૂ થયેલ અને તા. ૧૯ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ બપોરે ૩-૪૫ કલાકે પુર્ણ થયેલ. જેમાં ૩૧૭થી વધુ તબલાવાદકોએ 'રીલે મેરેથોન' માં વારાફરતી ૭૫ કલાક સુધી સતત તબલાવાદ્ય વગાડીને નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરેલ.

શ્રી રાહુલભાઈ શાસ્ત્રી ગુરુજી (તાલ એકેડમી) ના માર્ગદર્શન હેઠળ મને આ તબલાવાદ્યનાં કાર્યક્રમમાં ભાગ લેવાની તક મળી. શારદામંદિર બાલમંદિરની એ તબલાવાદ્યમાં મારો પ્રારંભિક શિક્ષણનો પાયો મજબુત કરેલ.

વર્લ્ડ રેકોર્ડમાં મારું નામઆવવા બદલ હું મારા માતા-પિતા, ગુરૂજી શ્રી રાહુલભાઈ શાસ્ત્રી તથા શારદામંદિર શાળાની ખૂબ ખૂબ આભાર માનું છું.

**- કવન ચેતનભાઈ ત્રિવેદી**

(ધો.૮-અ, શારદામંદિર શિશુમંદિર)

# બાલમંદિર વિભાગ

- તા. ૧૦/૧૧/૨૦૨૨ને ગુરૂવારથી શાળાનું બીજું સત્ર શરૂ થયું. દિવાળીની રજાઓમાં બાળકો તહેવારની ઉજવણી કરી ઉત્સાહથી શાળામાં આવ્યા.
- 'દલાતરવાડી'ની વાર્તા પપેટ દ્વારા રજૂ કરી. વાર્તામાં આવતું જોડકણું ગાવાની બાળકોને મજા આવી.
- તા. ૧૪/૧૧/૨૨ને સોમવારે બાળદિનની ઉજવણી કરવામાં આવી. બાળકોએ વ્હાલા નહેરૂચાચા વિશે વક્તવ્ય આપ્યું.
- શિયાળાની ગુલાબી ઠંડીમાં બાળકોને બેન્ડના તાલે સમૂહમાં કસરત કરવાની ખૂબ મજા આવી.
- 'બકરી અને વરૂ'નું નાટક જોવાની બાળકોને મજા આવી.
- નાતાલ પર્વ નિમિત્તે બાળકો સાન્તાકલોઝ બનીને આવ્યા. ચિ. ધ્યેયને 'જોસેફ' અને ચિ. સ્વરાએ 'મરિયમ' બની નાતાલના પર્વની ઉજવણી કરી. શ્રી હર્ષાબેન પ્રજાપતિએ સાન્તાક્લોઝ બની બાળકો સાથે તહેવારની ઉજવણીમાં ભાગ લઈ ગિફ્ટ આપી.
- સુગંધી ફળના પાક દ્વારા પપૈયું, જામફળ, ચીકુ, સફરજન, કેળા, નારંગી જેવા ફળો બાળકોએ સુગંધ દ્વારા ઓળખી બતાવ્યા. સિંહ અને સસલુંની વાર્તામાં બાળકોને મજા આવી. બાળકોએ સમૂહમાં 'ચાલો ભાઈ જંગલમાં' બાળગીત ગાયું.
- 'બકરી અને ભટુરિયાં'ની વાર્તા 'હેન્ડ પપેટ' રૂપે રજૂ કરી.
- શિયાળામાં ખવાતા લીલા શાકભાજીનું મહત્વ સમજાવી સલાડ તથા સૂપમાં વપરાતા શાકભાજી બતાવી તે ખાવાથી થતા ફાયદા સમજાવી નાસ્તામાં સૂપ અને સલાડ આપ્યા.
- ઉત્તરાયણ પર્વની ઉજવણી રૂપે પતંગના ગીતો ગાઈ. પતંગ તથા ફુગ્ગા ઉડાડી, નાસ્તામાં શીંગના લાડુ આપી પર્વની ઉજવણી કરી.
- ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાકદિન નિમિત્તે રાષ્ટ્રધ્વજનું મહત્વ સમજાવી બાળકોએ હાથમાં રાષ્ટ્રધ્વજ લઈ કૂચ કરી શૌર્ય ગીત ગાયા.
- વસંતપંચમી નિમિત્તે બાળકોને કુમકુમતિલક કરી સરસ્વતી પૂજન કરાવ્યું. વસંતના ગીતો ગાઈ વધામણા લીધા.
- ૩૦મી જાન્યુઆરી ગાંધી નિર્વાણદિન નિમિત્તે ધૂન ગાઈ બે મિનિટ મૌન પાળી ગાંધીબાપુને શ્રધ્ધાંજલી અર્પી.
- 'વિટામીન રાજા'ના નાટક દ્વારા પૌષ્ટિક આહારનું મહત્વ સમજાવ્યું.
- તા.૭/૨/૨૩ને સોમવારે ચિત્રહરિફાઈનું આયોજન કરવામાં આવ્યું.બાળકોએ પોતાની કલ્પનાશક્તિથી સુંદર ચિત્રો દોરી રંગો પૂર્યા.
- સુલેખન સ્પર્ધા તથા Handwriting Competitionનું આયોજન કરવામાં આવ્યું.
- શિવરાત્રી પર્વ નિમિત્તે 'સાચા બોલા હરણાં' નાટક ભજવવામાં આવ્યું. શિકારીનું અજાણતા શિવની ભક્તિ કરી હૃદય પરિવર્તન થયું એ ધાર્મિક પ્રસંગ સમજાવી બાળકોને આ પર્વનું મહત્વ સમજાવ્યું.
- તા.૨૧/૨/૨૩ માતૃભાષાદિન નિમિત્તે આપણી માતૃભાષા ગુજરાતી છે અને સંપૂર્ણ રીતે સમજી લખતાં વાંચતા શીખીએ એવી સમજ આપી. વાંચન-લેખન તથા શબ્દોની રમત રમાડી.
- તા. ૨૮/૨/૨૩ના રોજ બાલમંદિરમાં વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવ્યું. ચાર-પાંચવર્ષના બાળકોએ સરળ ભાષામાં વિજ્ઞાનના પ્રયોગોનું નિદર્શન કર્યું. આશ્ચર્યકારક લાગતી આ ઘટના પણ છતાં એ એક વાસ્તવિક હકીકત બની રહી. આપણી જ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની ડૉ. અંજલીબેન કોઠારી એ દિપ પ્રાગટ્ય કર્યું અને બાળકોએ તૈયાર કરેલા આ પ્રયોગો ઝીણવટપૂર્વક નિહાળ્યા અને વક્તવ્યમાં સ્વીકાર્યું કે 'ભાર વિનાનું ભણતર' રમતાં રમતાં વિજ્ઞાન કેમશીખાય એનો આ અભૂતપૂર્વ પ્રયોગ બાળકો માટે ખાસ અપનાવવા જેવો છે. ભૂલકાઓના શિક્ષણ માટેની આ સાચી અને અસરકારક પધ્ધતિ

## બાલમંદિર વિભાગ

છે. એ સવીકારી એમણે ગાળેલી બાલમંદિરની પળોને વાગોળી.

- તા.૨૦/૩/૨૩ 'વિશ્વ ચકલી દિન'ની સમજ આપી પક્ષીનો માળો કેવી રીતે બનાવવો ? તેમાં પક્ષીઓનું રક્ષણ કેવી રીતે થાય એની સમજ આપી. પશુ-પક્ષીના રક્ષણ માટેની માહિતી આપી.
- વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ ચૈત્ર માસમાં લીમડાનો રસ આપી તે પીવાથી થતા ફાયદા બાળકોને સમજાવ્યા.
- તાલીમના બાળકોને હર્ષોલ્લાસ સાથે જીવનમાં ખૂબ પ્રગતિશીલ બને એવા શુભાશિષ સાથે કુમકુમતિલક કરી વિદાય આપી.

- ક્ષમા ત્રિવેદી (આચાર્ય)
શારદામંદિર બાલમંદિર

## વિદ્યાર્થી વિભાગ

### અશ્રુબિંદુ

આ અશ્રુબિંદુ ઘણું બધું કહી જાય છે,
અશ્રુબિંદુમાં જ ઘણા ભાગ સમાઈ જાય છે,
અહીં, અશ્રુબિંદુનું કારણ જાણે વાદળવાયું આકાશ છે,
અશ્રુબિંદુનું પરિણામજાણે તોફાની દરિયો છે.

આ અશ્રુબિંદુથી જ જંગ છેડાય છેને,
એનાથી જ જંગનો વિરામપણ છે.

ન જાણું એના કેટલાય રૂપ છે,
એટલું જ જાણું અહીં અપમાનનું દુઃખ છે.
પ્રતિશોધની અગ્નિમાં પડ્યું આ અશ્રુબિંદુ,
હવિષ્ય સમજી અધર્મને બાળી નાંખે છે.

-યોગિની જાની (ધો.૧૦અ,શારદામંદિર વિનયમંદિર)

## Students' Corner

### A Proud Moment for Us School completed 100 years and Relive the moments we have....

- **Establishment :**
  Shardamandir was established on Vikram Samvat 1980 Shravan Sud Satam dated 7-8-1924. Our School was started by a trio namely Shri Bhogilal Thaker, Shri Chandubhai Dave and Shrimati Savitaben Trivedi. This trio made Ahmedabad auspicious for childhood education & female education. Basically two friends Mr. Chandubhai and Mr. Bhogilal both were returning from the conference were thinking of contribution to the education sector of Gujarat and they establish our school. The founders of Shardamandir were educationists, visionaries & experimental souls; to them Shardamandir was not just an institution but their own life. Lateron, Shri Vajubhai Dave also joined this group.
- Even Mohandas Karamchand Gandhi (Gandhiji) was also addressed the students of our school on 29-7-1933. You can see in just 9 years of our school. We achieve this moment. Since from that day was the foundation day of Shardamandir, he came to bless and motive the children at 12 O'clock and from this we can say that it is the wonderful & proud moment for up.
- **Journey :**
  Ellisbridge was not developed at that time and our school was built in ruined house in the middle of fields. And today as we can see it has a enolved into Gujarati Medium upto Kindergarten to Higher Secondary Section, even in English medium too. Our school which started with only a handful of students and now it has 1500+ students. Even many of celebrities, directors & actors of Gujarati Movie and also RJ were studied by here. Also many successful doctors, engineers, C.A., C.S., M.B.A. were taught I studied hereby. Our school student Nirav Patel also our managing trusteee who had studied in our School & become a doctor had took an oath that any students of our school who are financial weak then by he will help them by giving him for life time treatment. These students are jem for us. the core of our organisation has been to presence Indian traditions and we are happy that its approach continues till date. Even sa to say that in 19's of our school due to lack of space institute have to let so many children to go but institution own building next year, so its good. Intensive learning of the children constant supervision ever them, precision in Character, school environment reaching their names to improve their habits and the desire behind it. From all the difficulties our school is here as we can see so from that we have to adopt this thgouth that we have to fight from all these and have upto their / that results.
- At last we have to be thankful all from our heart, to the committee and presidents of the Institute who keep the institute well ordered, well controlled harmonious. On this 100th Birthday of our school we should took an oath that we should be in discipline & make our teachers & institute to be proud.

**- Jeel Dalwadi (11E Comm.)**

---

### Health Hazards caused by Junk Food

We know ! There are lots of varies of Food in the world. Every country have different type of taste even every state have their own taste. At this time people dont eat food only for, that they can do work. But now the taste matter first. there was a survey called that If there is a tasty food on side and protein food on other side protein food people will definately chooose the first one.

And yes this is the main problem the state makes your health in issued ! and there the careless attitude of people regarding to their health is like they want to be healthy but want to east Junk Food also. There is a funny thing that nowadays people do lots of Gym, Walking and Exercise but after they east junk Food out there. And the medium of eating junk food alot is social media. Social media was the first who had spread the moto of "Good taste Good Food".

Nowadays Junk Food is eaten a lot. Rarely in Sunday people will eat healthy food at home. Health is ignored where messly now. And the unhygienic food of street cause this problem more because the meal which is made near streets or roads get the whole pollution and dust over there. And there have barely any meal maker who had more the given and mask.

This cause unheathiness of people over their meal caused by street food. It invites short term and long term diseases like food poision lose motion and digestion problem etc. And to solve this the best soluion is that we should avoid junk food there many food which are healthy and tasty both we can eat those food frequiently as they are healthy also OR should eat Junk Food occasionally not frequently like twice in a week.

And this how we can take care of our health. I know task matter alot but we can't avoid our health in it. So, yes we can eat tasty and but not frequently of taking more care of health. I hope you all agree becasue year every one have their own sight angle to look out this topic. So, you can also do it in your way as the main thing it to take care at ourself.

**- Priya Vishwakarma (9-E)**

# ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

૩૧ વર્ષ પછી સ્કુલના પ્રિમાઈસીસમાં પ્રથમ પગ મુક્યો ત્યારે હૃદયમાં રોમાંચ, જિજ્ઞાસા કુતુહલ હતું.

સ્કુલના કર્મચારીનું ગાડી પાસે રિસીવ કરવા આવવું જે પ્રિન્સીપાલની કેબીનમાં પ્રવેશતા પહેલા 'May I come in sir ? ' પૂછતા હતાં તે જ કેબીનમાં પ્રિન્સીપાલ શ્રી વિજયભાઈ પોતાની સામેથી ચેરમાં આદરભેર બેસાડે.

શ્રી સપ્તકભાઈ અને શ્રી જીતેશભાઈનો સંગાથ, પ્રાથના ખંડમાં બાળકોના મધુર અવાજ સાથેની પ્રાર્થના, ઉમંગપુર્વક વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ. સફેદ શર્ટ અને બ્લ્યુ પેન્ટ એ જ ગણવેશ.

શિક્ષકશ્રી અને આચાર્યના આશીર્વચન મારું પોતાનું વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન હર્ષોલ્લાસ અને થનગનતુ વિદ્યાર્થીધન બધું જ અદ્‌ભુત.

શાળાએ અવિસ્મરણીય પોતાના હૃદયનો ધબકાર સાચવી રાખ્યો છે. એ જ રમતનું મેદાન, વૃક્ષો મારા શાળા જીવનની યાદ તાજી કરાવી ગઈ.

વર્ષ ૧૯૯૨માં છોડેલી શાળા વર્ષ ૨૦૨૩માં અકબંધ છે, મને અતિથી વિશેષ તરીકે બોલાવ્યો તે મારું શાળામાં સન્માન કર્યું તે અકલ્પનીય છે.

શાળાને જ્યારે મારી સેવાની જરૂર લાગે ત્યારે હું હાજર છું , જો મને સેવા કરવાની મોકો મળશે તો હું મારી જાતને સદ્‌ભાગી ગણીશ.

**- ડૉ. નિરવ બેલાની**



## શિક્ષક વિભાગ

### ગણિત ગઝલ

લંબચોરસ ઓરડામાં એક સમય ઘૂંટાય છે, વક્ર રેખાઓ ક્ષણોની શ્વાસમાં છેદાય છે.
શક્યતાનું એકપણ વર્તુળ નથી પુરું થતું, હરક્ષણે કંપાસની તીણી અણી ભોંકાય છે.
ચાલ, સંબંધોનું કોઈ કોણ માપક શોધીએ, કે, હૃદયને કેટલા અંશો સુધી છેદાય છે.
આરઝૂના કાટખૂણે જિંદગી તૂટી પડે, ને પછી એ મોતના બિંદુ સુધી લંબાય છે.
બે સમાંતર રેખાની વચ્ચેનો હું અવકાશ છું, શૂન્યતાની સાંકળો મારા વડે બંધાય છે.
અને છેલ્લે ....
ચાલ જીંદગી, થોડુ બેસીએ,
મારાં કરતા,
તુ વધારે થાઈ ગઈ છે.

- હર્ષદ પટેલ
(શિક્ષક-શારદામંદિર વિનયમંદિર)

---

## Google

વિદ્યાર્થી મિત્રો,

ગૂગલ શબ્દ હવે કોઈ ઓળખાણનો મોહતાજ નથી. ગૂગલ એ વિશ્વની સૌથી વધુ ઉપયોગમાં લેવામાં આવતી ઈન્ટરનેટ સેવા છે તે આપણે જાણીએ છીએ. સ્ટેનફોર્ડ યુનિવર્સીટીના લેરી પેજ અને સર્ગેઈ બ્રિન દ્વારા સ્થાપિત ગૂગલ ઈન્કોર્પોરેશન હાલમાં સિત્તેરથી વધુ સેવાઓ પ્રદાન કરે છે. તમે સૌ મોટાભાગના વિદ્યાર્થીઓ તેમાંથી ગૂગલ સર્ચ એન્જિન, એન્ડરોઈડ ઓપરેટીંગ સિસ્ટમ, યુટ્યુબ, ગૂગલ કોમ, જીમેઈલ, ગૂગલ મેપ, પ્લેસ્ટોર, ગૂગલ જેવી ગૂગલ સેવાઓ વિશે જાણતા હશો. પરંતુ ઘણી અન્ય એવી ગૂગલ લેવાઓ છે જે તમારા અભ્યાસ અને જીવનમાં ખૂબ ઉપયોગી થઈ શકે છે. ચાલો, કેટલીક આવી ગૂગલ સેવાઓ વિશે માહિતી મેળવીએ. યાદ રહે, અહીં માત્ર આ તમામ સેવાઓનું પૂર્વાવલોકન આપવામાં આવ્યું છે. જરૂરી સેવાને ડાઉનલોડ કરીને ઉપયોગ કરવાથી તેની સુવિધાઓ વિષે વધુ માહિતગાર થઈ શકશો :

(૧) **એન્ડરોઈડ ઓટો :** ગૂગલની આ સેવા દ્વારા તમે તમારા મોબાઈલ ફોનને તમારી કાર કે ટુ-વ્હિલર વાહન સાથે જોડી શકો છો. આમકરવાથી મોબાઈલ ફોનમાં આવતી ઘણી સેવાઓ તમે કારના ડેશબોર્ડ પર મેળવી શકો છો. એન્ડરોઈડ ઓટોની મદદથી તમે ગૂગલ મેપ દ્વારા રસ્તાની શોધ, કોલ કરવો કે મેળવવો, સંગીત સાંભળવું વગેરે જેવા કાર્યો સલામત ડ્રાઈવીંગ સાથે કરી શકો છો.

(૨) **ગૂગલ કેલેન્ડર :** આ એક સમય-વ્યવસ્થાપન / ટાઈમ મેનેજમેન્ટ અને સમયપત્રક/શિડ્યુલિંગ માટેની સેવા છે. નિશ્ચિત દિવસ અને સમય માટે એલર્ટ મૂકવા ઉપરાંત ગુગલ કેલેન્ડર દ્વારા તમે મિત્રો કે સહકર્મચારી સાથે વિડીયો મિટીંગ ગોઠવી શકો છો, રિમાઈન્ડર સેટ કરી શકો છો, તથા ઈવેન્ટસનું આયોજન પણ કરી શકો છો.

(૩) **ગૂગલ ડોકસ :** અહીં તમે તમામ પ્રકાર દસ્તાવેજો/ડોક્યુમેન્ટની રચના કરી તેને વહેંચી શકો છો. પત્ર, પોસ્ટર, બેનર, રીપોર્ટ, ગ્રીટીંગ કાર્ડ, બ્રોશર, રિઝ્યુમ, પ્રોજેક્ટ રીપોર્ટ વગેરે બનાવવા માટેનું આ ઉત્તમઅને નિઃશુલ્ક ટૂલ છે. આ સાથે ગૂગલ શીટ અને ગૂગલ સ્લાઈડસ દ્વારા વિગતોનું પૃથક્કરણ તથા પ્રસ્તુતિ પણ કરી શકાય છે.

(૪) **ગૂગલ ડ્રોઈંગ :** ચિત્ર દોરવા માટેનું આ અકે સુંદર ટૂલ છે. તીરની વિવિધ નિશાનીઓ, અલગ અલગ આકારો અને લખાણ સાથે અહીં સુંદર ચિત્રો દોરી

શકાય છે તથા તેને jpg, pdf વગેરે સ્વરૂપે ડાઉનલોડ પણ કરી શકાય છે.

(૫) **ગૂગલ ડ્રાઈવ :** કમ્પ્યૂટરમાં તમે બનાવેલ કે સાચવેલ મહત્વની ફાઈલોને ક્લાઉડ (ઈન્ટરનેટ) પર સાચવવા માટે ગૂગલ ડ્રાઈવ ખૂબ ઉપયોગી છે. હાલમાં તે 15GB જેટલી માહિતીને સાચવવા માટેની નિઃશુલ્ક સેવા પ્રદાન કરે છે. અહીં ફાઈલોને સાચવવાથી તેનો ઉપયોગ વિશ્વના કોઈપણ સ્થાનેથી કરી શકાય છે તથા આપણા સાધનમાંથી કોઈ કારણસર ફાઈલ ડીલીટ થાય તો પણ તેનો બેકઅપ ગૂગલ ડ્રાઈવ પર જળવાઈ રહે છે.

(૬) **ગુગલ ફોર્મ :** કોઈપણ પ્રકારનું સર્વેક્ષણ/સર્વે કરવા માટે કે કોઈ માહિતી એકત્રિત કરવા માટે ગૂગલ ફોર્મ હાલમાં ખૂબ ઉપયોગમાં લેવાતું ટૂલ છે. ગૂગલ ફોર્મમાં ટેક્સ્ટબોક્ષ, રેડિયો બટન, ચેકબોક્સ, ડ્રોપ ડાઉન મેનું વગેરે જેવા ઘટકો ઉમેરી અનેક પ્રકારની વિગતો મેળવી શકાય છે.

(૭) **જીબોર્ડ :** આ ગૂગલ તરફથી ઉપલબ્ધ એક કીબોર્ડ છે જેના દ્વારા અનેક ભાષાઓમાં ટાઈપ કરી શકાય છે. તેમાં શબ્દોની આગાહી, ઈમોજી, GIF જેવી સુવિધાઓ પણ આપવામાં આવી છે.

(૮) **ગૂગલ આસિસ્ટન્ટ :** ધ્વનિ- આદેશો/વોઈસ કમાન્ડ દ્વારા માહિતીની શોધ કરવા માટે તથા સાધનો ચલાવવા માટે આ સેવાનો ઉપયોગ કરવામાં આવે છે. વિગતો ટાઈપ કરવાને બદલે OK Google કે Hey Google બોલીને આ સેવા ચાલુ કરી શકાય છે.

(૯) **ગૂગલ ક્લાસરૂમ :** વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટેની આ એક શ્રેષ્ઠ સેવા છે. અહીં શિક્ષકો પોતાન લેસનપ્લાન બનાવીને મૂકી શકે છે. અનુસૂચિ અનુસાર પ્રશ્નપત્રો ઉપલબ્ધ કરાવી શકાય છે અને પરિણામપણ સરળતાથી દરેક વિદ્યાર્થીને પૂરા પાડી શકાય છે.

(૧૦) **ગૂગલ ફિટ :** આ એક આરોગ્યલક્ષી સેવા છે. તમે ચાલેલા પગલા, સાઈકલીંગ વગેરેની નોંધ રાખી આ સેવા તમારા આરોગ્યને અનુલક્ષીને પ્રતિભાન આપે છે તથા તમામમાહિતીનો ભવિષ્યની સરખામણી માટે સંગ્રહ કરે છે.

(૧૧) **ગુગલ ફ્લાઈટ :** આ સેવા દ્વારા વિશ્વભરની ૩૦૦ ત્રાહિત પક્ષિય વિમાની સેવાઓનો ઉપયોગ કરીને ટીકીટની નોંધણી કરાવી શકાય છે.

(૧૨) **ગુગલ ઈનપુટ ટૂલ્સ :** ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી વગેરે જેવી બાવીસ ભારતીય ભાષાઓ માટેના કીબોર્ડ ધરાવતા ગૂગલ ઈનપુટ ટૂલ્સ ઉપયોગકર્તાને આભારી કીબોર્ડ પુરું પાડે છે.

(૧૩) **ગુગલ ફોટોઝ :** તસ્વીરોને સાચવવા, સુધારવા, ગોઠવવા અને વહેંચવા માટે ગૂગલ ફોટોઝ People, Place અને Things એમત્રણ શ્રેણી પૂરી પાડે છે. અહીંથી ગૂગલ વન, હેંગઆઉટ, વગેરે જેવા વિવિધ માધ્યમોમાં તસ્વીરોને વહેંચી પણ શકાય છે.

(૧૪) **ગૂગલ લેન્સ :** તસવીરોને ઓળખતા માટે આ ગૂગલની સેવા છે. ગૂગલ લેન્સ મોબાઈલના કેમેરા દ્વારા કોઈપણ ફોટોને ઓળખી તેના વિષે માહિતી પૂરી પાડવાનો પ્રયત્ન કરે છે. આ ઉપરાંત તે બારકોડ, ક્યુઆર કોડ તથા લખાણને પણ સ્કેન કરી માહિતી શોધી આપે છે.

(૧૫) **ગૂગલ ટ્રાન્સલેટ :** એક ભાષામાં લખાયેલા લખાણ, વેબસાઈટ, દસ્તાવેજ વગેરેને અન્ય ભાષામાં રૂપાંતરણ કરવા માટે ગૂગલ ટ્રાન્સલેટનો ઉપયોગ કરવામાં આવે છે. આ સેવા ચિત્રમાં રહેલા લખાણને પણ વાંધી શકે છે તથા બોલીને આપવામાં આવેલા નિવેશ સાથે પણ કાર્ય કરી શકે છે.

મિત્રો, આ ગૂગલ દ્વારા પૂરી પાડવામાં આવતી અનેક સેવાઓમાંથી માત્ર થોડીક સેવાઓ વિશેની માહિતી આપે છે.

અન્ય સેવાએ વિષે તમે

https://about.google/products/વેબસાઈટ પર

જઈને માહિતી મેળવી શકો છો. હેપ્પી ગૂગલીંગ...

**- સાકેત દવે**

(કમ્પ્યૂટર વિભાગ, શારદામંદિર)

# Teacher's Corner

## My love for teaching and baking

This is my humble effort to convey that everybody must have at least one passion which is instrumental to break the monotony, boredom of professional life. In my case I have two passions and professions which complement each other.

**Here I go....**
**COVID;** a dreaded name is associated with countless bad memories, personal losses, long term mental agony of loneliness, anxiety, and mental disorders. But as the adage is -Every coin has two sides- COVID had many positive points also. And this, I can say from my personal experience.
I have been in teaching profession since long. Come COVID-19 and then onwards I am a Baker also! During COVID, I realized that I had a passion for baking which was latent due to other priorities until now. Today I am balancing my time between two totally different careers with striking similarities. Here I depict some of them.

**PATIENCE:**
Lot of patience is required to make a cake. There is no short cut. Nor it is an instant thing. You must give proper time for each stage of process to create a fantastic final product. Same way one must have infinite patience to mould the students because each of them are unique and with different abilities. You have to identify and nurture in order to let them flourish.

**INGREDIENTS:**
Balanced ingredients are MUST for tasty cake. Same way in teaching profession one has to juggle between personal and professional life like trapeze artist and maintain balance between students, parents, colleagues and admin staff with self-respect intact.

**STRATEGY:**
Customization is the key to success in baking business. You have to cater/pamper an individual according to his/her taste. Same way, you have to improvise consistently in order to teach each student to yield desired outcome. One key does not open all doors.

**UNIQUENESS:**
Baking with same ingredients you can have variety of cakes with different taste. Same way while teaching, the same teaching method evokes different response and result from each student because each student is unique. And that uniqueness is a challenge for teacher.

**MESS:**
Unlike popular belief, cake making is bit messy business in literal meaning. But you know 'no pain -no gain'. You have to go through it to have sweet end product. Same way craft, decoration, project work are bit messy affair for students but then you have a very fulfilling, creative end result.

**Conclusion :** when your passion and profession are same, it is like 'sone pe suhaga'.

**- Alpa Shah**
(Teacher-Shardamandir Modern Highschool)

## Some memories

One more academic year is on the verge of completion and taking our esteemed Institute towards centenary year. It's a great opportunity of being part of this historical event

This School has seen many historical events including our country independence which by itself a great achievement. Gandhiji letter to our School is also a legacy which should be part of historical notes.

Since 1924 thousands of students have passed the gates of this school. They have been taught with skill and dedication by generations of wonderful teachers.

Let us remember the teachers, Support Staff Parents and Students who have contributed to the success of Shardamandir School throught those 100 years.

On behalf of teachers and non teaching staff I congratulate the School and trustee on reaching this marvellous milestone.

There is a Quote befitting this eventy "If you think in terms of a year plant a seed", if in term of ten years plant trees, if in terms of 100 years, teaching the people and our school is fulfilling this duty with sincerity to the society.

**- Rakesh Kapoor**
(Teacher-Shardamandir Modern Highschool)

## સંસ્થાકીય સમાચાર

# ડૉ. વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર તરફથી શાળામાં યોજવામાં આવેલ ગણિત અને વિજ્ઞાનના વર્કશોપનો અહેવાલ




'તમે ક્યારેય પ્રાણવાયુને સગ્ગી આંખે જોયો છે?'

'તમને ખબર છે કે આપણું રસોડું એ એક રાસાયણિક પ્રયોગશાળા છે?'

'તમને ખબર છે કે દીવાલને ટેકે તમે ઉભા હો ત્યારે કેમ તમારો એક પગ આગળ કરી શકતા નથી?'

વિદ્યાર્થીઓ આવા અનેક રસપ્રદ સવાલોના મજાના ઉત્તરો મેળવી શકે એ હેતુથી ડૉ. વિક્રમએ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર તરફથી તા. ૧૭ ડીસેમ્બર, ૨૦૨૨ને શનિવારે આપણી શાળાના સાતમાં ધોરણના આશરે પાંસઠ (૬૫) જેટલા વિદ્યાર્થીઓ માટે ગણિત અને વિજ્ઞાનનો એક વર્કશોપ આયોજિત કરવામાં આવ્યો હતો.

સવારે સાડા સાત વાગ્યે શરુ થયેલા વર્કશોપમાં વિદ્યાર્થીઓને એ જાણકારી આપવામાં આવી કે ભારતની સૌપ્રથમ'ગણિત પ્રયોગશાળા' કોમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં શરુ કરવામા આવી હતી. ગણિત જેવા વિષયને પણ પ્રયોગો દ્વારા શીખી શકાય તે અનન્ય અભિગમઘણો કારગર પણ નીવડ્યો છે.

વર્કશોપના પ્રથમતબક્કામાં વિદ્યાર્થીઓમાં 'આઉટ ઓફ ધ બોક્સ' વિચારશક્તિને કેળવી શકાય તેવા મહાવરા માટે કેટલીક તસ્વીરો દર્શાવી તેના પરથી શબ્દો તારવવાની રસપ્રદ રમત રમાડવામાં આવી.

ત્યારપછી રસાયણવિજ્ઞાન અંગેની માહિતી આપતા વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી કે આપણી ચારે તરફ રસાયણ છે, પાણી પણ એક રસાયણ જ છે. સોડીયમપોલીએટરાઈટ પાણીનું શોષક છે. તેનો ભૂકો પ્યાલામાં રાખી તેમાં પાણી ભરવામાં આવે તો પાણી શોષાઈ જવાથી પ્યાલો ખાલી હોય તેવો આભાસ ઉભો કરી જાદુની અસર ઉપજાવી શકાય છે.

ફીનોપ્થેલીનને પાણીમાં ભેળવી ગુલાબી રંગનું દ્રાવણ બનાવવમાં આવ્યું અને તેમાં ફૂંક મારવાથી દ્રાવણ રંગવિહીન બને છે તે પ્રયોગ વિદ્યાર્થીઓ પાસે કરાવી સમજાવવમાં આવ્યું કે એસિડ અને બેઈઝ જ્યારે એકરૂપ થાય ત્યારે ન્યુટ્રલાઈઝ પ્રક્રિયા અમલમાં મૂકાય છે.

આપણા રસોડામાં લીંબુ એસિડ છે, ડીટર્જન્ટ એ બેઈઝ છે, હળદર સૂચક છે, વિનેગર એસીટીક એસિડ છે - જેવી રોજબરોજની ખાદ્ય વસ્તુઓના રાસાયણિક ઘટકો વિષે માહિતી આપવામાં આવી.

ત્યારપછી હાઈડ્રોજન પેરોક્સાઈડને મેંગેનિઝ ડાયોક્સાઈડ સાથે ભેળવીને ઓક્સિજન વાયુનું ઉત્પાદન કરવામાં આવ્યું જે ઓફ-વ્હાઈટ વરાળ સ્વરૂપે વિદ્યાર્થીઓએ નિહાળ્યું.

એક પ્રયોગ દરમ્યાન હાઈડ્રોક્લોરિક એસિડને જસત સાથે રાસાયણિક પ્રક્રિયા કરાવી ઉત્પન્ન થયેલા હાઈડ્રોજન વાયુને એક ફૂગ્ગામાં ભરવામાં આવ્યો. હાઈડ્રોજન વાયુ અત્યંત હળવો હોવાને કારણે રોકેટ વગેરે વાહનોમાં તેનો ઉપયોગ બળતણ તરીકે કરવામાં આવે છે તે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા અને આ ફુગગા પાસે સળગાવેલી મીણબત્તી લઈ જતા વિસ્ફોટ થતા વિદ્યાર્થીઓને સમજાવ્યું કે હાઈડ્રોજન વાયુ વિસ્ફોટક પ્રકૃતિ ધરાવે છે.

જીવવિજ્ઞાનના પાઠ દરમ્યાન વિદ્યાર્થીઓએ તાંબાનો તાર, રૂ, ફનેલ, ફુગ્ગો અને પ્લાસ્ટિકની પાઈપ દ્વારા સ્ટેથોસ્કોપ બનાવ્યું અને પોતાના તથા મિત્રોના હૃદયના ધબકારા સાંભળ્યા અને માપ્યા. આ પ્રવૃત્તિ વિશેષરૂપે વિદ્યાર્થીઓ માટે અત્યંત રોચક રહી.

આ સેશનમાં આ ઉપરાંત રુધિરાભિસરણ તંત્રને સમજવા માટે સાપ-સીડી જેવી રમતવિદ્યાર્થીઓ વચ્ચે રમાડવામાં આવી જેના દ્વારા સૌએ હૃદય, ફેફસા, ધમની, શીરા, વાલ્વ વગેરે જેવા શારીરિક અંગો અંગે પરિચય કેળવ્યો.

ભૌતિક વિજ્ઞાનના સેશન દરમ્યાન વ્યક્તિથી લઈને પૃથ્વીના ગુરુત્વબિંદની ચર્ચા કરવામાં આવી. પેનને આંગળી પર સમતોલિત રાખવી, દીવાલને અડીને ઉભા રહીને એક પગ આગળ કરવાનો પ્રયત્ન કરવો વગેરે જેવા સરળ અને વિવિધ

## સંસ્થાકીય સમાચાર





પ્રયોગ દ્વારા ગુરુત્વબિંદુને સમજાવવામાં આવ્યું.

વિદ્યાર્થીઓની પાણીની થોડી બોટલો એકત્રિત કરી તેમાં વપરાયેલા એક થી વધુ સામાન્ય છતાં અજાણ્યા આકારો અંગે જાણકારી આપવામાં આવી. તે આકારો કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેનું મોડેલ દ્વારા પ્રાયોગિક નિર્દેશન કરવામાં આવ્યું.

શેપ મોડેલિંગમાં વિદ્યાર્થીઓ દ્વારા પૂંઠા પર છાપેલી આકૃતિઓ કાપીને તેના દ્વારા ત્રિપરમાણીય આકારના મોડેલ બનાવવામાં આવ્યા. આ ઉપરાંત આકારો દ્વારા તેની માપણી કેવી રીતે કરી શકાય તે પણ વિદ્યાર્થીઓને સમજાવવમાં આવ્યું.

સાત કલાકથી વધુ ચાલેલા આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ બિલકુલ થાક કે કંટાળાના અનુભવ વગર તેમના ગણિત અને વિજ્ઞાનના અનેક મુદ્દાઓ વિષે ઘણી જાણકારી મેળવી. કોમ્યુનીટી સાયન્સ સેન્ટર તરફથી આવેલ પ્રતિનિધિઓએ ખૂબ સુંદર માહિતી પૂરી પાડી અને વિજ્ઞાનની કેટલીક કીટ પણ શાળાને ભેટ આપી જેના દ્વારા અન્ય વિદ્યાર્થીઓને આ પ્રકારના પ્રયોગો કરાવી શકાય.

આ પ્રકારના વર્કશોપ અને સેમીનાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રાયોગિક કાર્યો દ્વારા ખૂબ સુંદર જ્ઞાન આપી શક્યાના સંતોષસહ કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો.

**- સાકેત દવે, શારદામંદિર**

---

## સ્ટેમ ટિકરીંગ વર્કશોપ

તા.૧૯-૧૧-૨૦૨૨ને શનિવારના રોજ શારદામંદિર શાળાના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ માટે ડૉ. વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર તરફથી સ્ટેમટિકરીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.


ઉઘડતા શિયાળાની ખુશનુમા સવારે બરાબર ૭-૩૦ કલાકે શારદામંદિર શાળાની કમ્પ્યૂટર લેબમાં છઠ્ઠા ધોરણના સાહીઠ (૬૦) વિદ્યાર્થીઓ પોતાની નોટબુક અને પેન સાથે હાજર થઈ ગયા હતાં. ડૉ. વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરમાંથી ત્રણ બહેનો શ્રી મેઘાબેન, શ્રી રસિકાબેન અને શ્રી માદ્રીબેન સાયન્સ કીટ સાથે સમયસર આવી પહોંચ્યા હતાં.

STEM નો સૂચિતાર્થ Science, Technology, Engineering અને Mathematics છે. આ ચાર વિષયોના સંયોગથી બાળકો અનેરી જ્ઞાનપ્રાપ્તિ તરફ આગળ વધે અને મૌલિક વિચાર સાથે શોધ-સંશોધનના કાર્યો અપનાવે તે આ આયોજનનો મુખ્ય હેતુ હતો. કાર્યક્રમની શરૂઆતમાં તમામ બાળકોને વિજ્ઞાન અંગેની એક પ્રશ્નોત્તરી આપવામાં આવી જે નિશ્ચિત સમયમાં વિદ્યાર્થીઓએ ઉત્તર સહીત પરત કરી.

ત્યારપછી માદ્રીબેને બાળકોને યંત્રમાનવ/રોબોટ અંગેનું ડેમોન્સ્ટ્રેશન આપ્યું. આ દરમ્યાન તેમણે રોબોટની કાર્યપધ્ધતિ અંગે ઘણી મહત્વની માહિતી સાથે મુખ્યત્વે નીચે જણાવેલ બે રોબોટ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યા :

**(૧) અલ્ટ્રાવેવ સાઉન્ડનો ઉપયોગ કરીને બનાવેલ રોબોટ :** સેલ દ્વારા વિદ્યુત પ્રવાહ આપવામાં આવે ત્યારે આ રોબોટ તેમાં લાગવેલા પૈડા દ્વારા આગળ વધે છે અને જ્યારે તેની સામે કોઈ પદાર્થ / ઓબ્જેક્ટ આવે ત્યારે તે આપોઆપ રોકાઈ જાય છે. આ માટે રોબોટના આગળના ભાગમાં લગાડવામાં આવેલ બે સેન્સરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સેન્સર સતત અલ્ટ્રાવેવ સાઉન્ડ મુક્ત કરે છે જેની સામે કોઈપણ અવરોધ આવતા અલ્ટ્રાવેવ સાઉન્ડ પરાવર્તિત થવાથી આપોઆપ રોબોટ પોતાની મોટર બંધ કરી ઉભો રહી જાય છે. ચાલક

# સ્ટેમ ટિકરીંગ વર્કશોપ




વિહીન મોટરકારના સંચાલનમાં આ તકનીકનો ઉપયોગ કરવામાં આવે છે.

**(૨) ઈન્ફ્રારેડ સિગ્નલની મદદથી બનાવેલ રોબોટ :**

ઈન્ફ્રારેડ સિગ્નલની લાક્ષણિક્તા એ છે કે આ કિરણો કાળા રંગને વધુ પ્રમાણમાં શોષે છે. તેથી આ રોબોટને કાળા રંગના કાગળ કે પૂઠા વડે દિશાસૂચન કરી શકાય છે. રોબોટના સેન્સર પાસે કાળા રંગનું કાગળ લાવીને ફેરવવામાં આવે ત્યારે રોબોટ પર આવેલા સેન્સર કાળા રંગને શોષીને કાગળથી દિશાને અનુસરે છે. વિદ્યાર્થીઓએ પણ રોબોટનું સંચાલન કરવાનો સુપેરે લાભ લીધો.

ત્યારપછી શ્રી મેઘાબેને સ્કવીઝી સર્કીટ બનાવવા અંગે અભ્યાસ કરાવ્યો. આ માટે દરેક વિદ્યાર્થીને એલઈડી, પાવર સેલ અને માટી/કલે આપવામાં આવી અને સર્કીટના શ્રેણી અને સમાંતર જોડાણ વિશે માહિતી આપી. આ કાર્ય માટે આપવામાં આવેલ પાવર સેલ ૯ વોલ્ટનો અને એલઈડી ૩ વોલ્ટની હતી. વિદ્યાર્થીઓએ ક્લેનો અવરોધ/રેઝિસ્ટન્સ તરીકે ઉપયોગ કરી પાવરસેલના વિદ્યુત પ્રવાહને નિયંત્રિત કરવાનો હતો. લગભગ તમામવિદ્યાર્થીઓએ સૂચના પ્રમાણે શ્રેણી અને સમાંતર જોડાણ દ્વારા સર્કીટ બનાવી એલઈડી ચાલુ કરી બતાવી હતી.

ત્યારપછી શ્રી રસિકાબેન દ્વારા કૃત્રિમ બુદ્ધિમત્તા/આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ અંગેની ઓડિયો વિઝયુઅલ રજૂઆત પ્રસ્તુત કરવામાં આવી. જેના દ્વારા વિદ્યાર્થીઓને આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સના વિવિધ ઉપયોગો અંગે ઘણી મહત્વની માહિતી આપમાં આવી.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ RGB પિયાનો બનાવવામાં આવ્યો. આ કાર્યમાં એક પૂર્વનીર્મિત પાથ પર કોપર રિબન લગાવી સર્કીટ તૈયાર કરવામાં આવી. ૬ પગ/લેગ્સ વાળી એક એલઈડીને આ સર્કીટ સાથે જોડવામાં આવી અને એક બટન સેલ દ્વારા તેમાં વિદ્યુત પ્રવાહ પૂરો પાડવામાં આવ્યો હતો. સર્કીટમાં આવેલ ત્રણ સ્વીચ દ્વારા એલઈડી લાલ, લીલા અને ભૂરા રંગથી ચાલુ કરી શકાતી હતી.

ત્યારપછી વિદ્યાર્થીઓને પાવરપોઈન્ટ પ્રસ્તુતિ દ્વારા થ્રી ડી પ્રિન્ટીંગ ટેકનોલોજી વિષે માહિતી આપવામાં આવી હતી અને ચાર-ચાર વિદ્યાર્થીઓના જૂથ બનાવી દરેક જૂથને એક એક થ્રી ડી પેન આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ પેનનો ઉપયોગ કરીને કાગળ પર ચીતરેલા ચશ્માં અને અન્ય વિવિધ પદાર્થોના થ્રીડી મોડેલ બનાવ્યા હતાં. આ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓ માટે સૌથી વધુ મનોરંજક નીવડી હતી.

કાર્યક્રમના અંતે ભાગ લેનાર તમામવિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. આચાર્ય શ્રી પાયલબેન શાહે આવેલ તમામમહેનાનોનો આવા સુંદર સંચાલન અને આયોજન બદલ આભાર વ્યક્ત કર્યો અને આ પ્રકારના અન્ય આયોજનો માટે અનુરોધ પણ કર્યો.

વિદ્યાર્થીઓ આ સમગ્ર કાર્યક્રમને એક સુખદ સંભારણા તરીકે સદાય યાદ રાખશે તે સુનિશ્ચિત છે.

**- સાકેત દવે, શારદામંદિર**

# Modern School and Modern High School

**Kite Making Competition** was held on 13-1-2023 to promote creativity among the students. The winners are…





**1st Rank :** Dhruvin Chandreshkumar Chhasia (Palash)

**2nd Rank :** Sneha Jigneshbhai Khatri (Parijat)
Mishtee Akash Saraiya (Palash)
Khushi Ankitbhai Shah (Kadamb)

**3rd Rank :** Pihoo Yash Shah (Kadamb)
Hetvi Sanjaybhai Chauhan (Kadamb)
Jeeny Bhavin Shah (Amaltash)
Dhruvi Rajubhai Chudasama (Kadmb)

## Salad Decoration Competition (21-01-2023)

A dish with 'Salad' is always healthy and complete. Salads are full of fiber and it also cuts the calories. To spread the importance of Salad in our daily food, we had organized a Salad Decoration competition on 21/1/23. The winners are.

| | | |
|---|---|---|
| **1st Rank** | Anshika Raghvendra Singh | (Parijat) |
| | Dhyana Tarak Sevak | (Parijat) |
| **2nd Rank** | Krisha Amitkumar Dave | (Palash) |
| | Purva Vinitkumar Rajput | (Palash) |
| | Sneha Jigneshbhai Khatri | (Parijat) |
| | Shreya Ramkishan Pasi | (Parijat) |
| **3rd Rank** | Vansh Bharatbhai Solanki | (Parijat) |
| | Aayush Kishorekumar Batham | (Parijat) |





## Poem Recitation Competition Winners (27-02-2023)

According to a famous educator, Wei Shusheng, "The sense of language has also been strengthened by reciting more". Recitation is one of the most important & effective modes of learning a language & appreciating a piece of literature.A recitation competition was held on 27/2/23 in our school and results are as under:

**Std.1E**

| | |
|---|---|
| **1st Rank** | Henil Kiranbhai Parmar |
| **2nd Rank** | Hemali Deepakkumar Shah |
| **3rd Rank** | Yashvi Digeshwarsingh Ravat |

**Std.2E**

| | |
|---|---|
| **1st Rank** | Vedkumar Atulbhai Panchal |
| **2nd Rank** | Dhruvi Yashvi Kirankumar |
| | Heer Rakesh Modi |
| | Navya Parth Bhatt |
| | Hitarthi Nilay Shah |
| **3rd Rank** | Zeel Rameshbhai Prajapati |

**Std.3E**

| | |
|---|---|
| **1st Rank** | Trisha Dhirajkumar Varma |
| **2nd Rank** | Moksh Gaurangbhai Mehta |
| | Aarav Vipulbhai Parmar |

**Std.4E**


| | |
|---|---|
| **1st Rank** | Rudrasinh Manohar Rathod |
| **2nd Rank** | Jiyaben Hetlkumar Shah |
| **3rd Rank** | Kenil Nikhilbhai Kacha |

## Elocution Competition Winners (06-03-2023)

An elocution is the art of public speaking that gives us self-boost and confidence to speak in front of a large audience. We had organized an elocution competition on 6/3/2023 in our school to make students confident with their boundless energy of representing the things.

| | | | | |
|---|---|---|---|---|
| **1st Rank** | Hiya Bharatbhai Solanki | (Std.5E) | Vansh Bharatbhai Solanki | (Std. 7E) |
| **2nd Rank** | Riya Ketankumar Shah | (Std.5E) | Dhagashh Deepakkumar Shah | (Std. 7E) |
| **3rd Rank** | Aditya Jaydatt Salunke | (Std.6E) | Preet Hiren Nirmal | (Std. 8E) |

## શ્રધ્ધાંજલિ




શારદામંદિરના ટ્રસ્ટી **શ્રી ડૉ. સૂર્યકાન્તભાઈ મણીભાઈ પટેલ** (વિખ્યાત સર્જન) નું તા. ૧૧-૦૪-૨૦૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ખૂબ જ વ્યસ્ત દીનચર્યા હોવા છતાં પણ જ્યારે શાળામાં તેઓની જરૂર હોય ત્યારે હંમેશા હાજર રહી યોગ્ય માર્ગદર્શન આપતા એવા મુરબ્બી સભ્ય ગુમાવ્યા જેની ખોટ શાળાને સદાય રહેશે. શાળા એમના યોગદાન અને એમની સેવાઓ માટે એમને કાયમ યાદ કરશે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

---




શારદામંદિરના ભૂતપૂર્વ શિક્ષીકા બહેન**શ્રી ઉષાબેન બકુલેશભાઈ ભટ્ટ**નું ડિસેમ્બર ૧૯, ૨૦૨૨ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમણે બાળવિદ્યાર્થીઓને ભણતરના પાઠ ખૂબ પ્રેમથી આપ્યા. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે . ૐ શાંતિ.

---



શારદામંદિર શિશુમંદિર વિભાગના ભૂતપૂર્વ શિક્ષક **શ્રી બાબુભાઈ ઈશ્વરલાલ રાવલ**નું જાન્યુઆરી ૪, ૨૦૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનો હસતો ચહેરો અને શિક્ષણ આપવાની સરળ ઢબ આજે પણ એમના વિદ્યાર્થીઓને યાદ છે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે . ૐ શાંતિ.

---



શારદામંદિર વિનયમંદિર વિભાગના ભૂતપૂર્વ શિક્ષક **શ્રી ગિરીશભાઈ હરગોવિંદદાસ ત્રિવેદી**નું તા. ૨૬-૩-૨૦૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. કડક શિસ્ત સાથે અંગ્રેજી અને સમાજવિદ્યા ભણાવતા શ્રી ગિરીશીભાઈ કોમળ હૃદય સાથે વિદ્યાર્થીઓને અવનવી વાતો પણ શીખવતા. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે. ૐ શાંતિ.

---

**Shardamandir Centenary Celebration,**
**શતાબ્દી મહોત્સવ (શ્રાવણ ૧૯૨૪ થી શ્રાવણ ૨૦૨૪)**

૨૦૨૩ના શ્રાવણ માસથી ૨૦૨૪ ના શ્રાવણ માસ સુધી શાળાના ૧૦૦ વર્ષના પ્રવેશ સાથે, શતાબ્દી મહોત્સવ દરમિયાન આખું વર્ષ જુદા જુદા કાર્યક્રમો યોજવા અને ૨૦૨૪ માં ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં, ૩ દિવસનો ભવ્ય કાર્યક્રમ કરવાની ઈચ્છા છે. આ માટે કયા કાર્યક્રમો કરવા જોઈએ તે અંગે તમારા વિચારો નીચેના ઈ-મેલ પર જણાવશો. જે કમિટી સમક્ષ રજૂ થશે.

shardamandir.ahmedabad@gmail.com

**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**
નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com

'શારદ'નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.